# ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ, જુનાગઢ

## પશ્ચિમ ગુજરાત વીજ કંપની લીમીટેડ

સર્કલ ઓફીસ, જુના પાવર હાઉસ કમ્પાઉન્ડ, આઝાદ ચોક, એમ.જી.રોડ, જુનાગઢ – ૩૬૨૦૦૧
ફોન નં. : ૦૨૮૫ – ૨૬૨૨૧૬૭/૨૬૫૭૮૭૭ **website : forumjunagadh.pgvcl@gebmail.com**
**CIN:U40102GJ2003SGC042908**

પીજીવીસીએલ/સીજીઆરએફ/૨૧/ક્વા-03/૨૦૨૧-૨૨/૩૨૮ તા. ૧૯.૦૨.૨૦૨૨

૨૦૦૩ના ભારતીય વીજળી અધિનિયમની કલમ નં. ૪૨(૫) તેમજ ગુજરાત વિદ્યુત નિયંત્રક આયોગ (ગ્રાહક ફરીયાદ નિવારણ ફોરમ અને લોકપાલ) અગાઉના નોટીફીકેશન નં. ૦૨/૨૦૧૧ હેઠળ રચાયેલ તેમજ પ્રવર્તમાન નોટીફીકેશન નં. ૦૨/૨૦૧૯ મુજબના ગ્રાહક ફરીયાદ નિવારણ ફોરમ (CGRF) પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમિટેડ જુનાગઢના ચેરમેન સમક્ષ નોંધાયેલ ફરીયાદ.

**No. PG – ૨૧/ક્વા-3/૨૦૨૧-૨૨**

અરજદાર: શ્રી અબ્દુલ અઝીઝભાઈ ઉમરભાઈ કુરેશી ગામ – જુનાગઢ
સબડીવીઝન: સેન્ટ્રલ-જુનાગઢ

**:: વિરુધ્ધ ::**

સામાવાળા: કાર્યક્ષેત્ર: કાર્યપાલક ઈજનેર પીજીવીસીએલ વિભાગીય કચેરી જુનાગઢ શહેર

**:: કોરમ ::**

| | | |
|---|---|---|
| ૧) ચેરપર્સન | : | શ્રી બી.પી.બુચ |
| ૨) મેમ્બર સ્વતંત્ર | : | શ્રી એન.એસ.પંડયા |

સુનાવણી સ્થળ- પીજીવીસીએલ, વર્તુળ કચેરી જુનાગઢ
તારીખ: મંગળવાર (૧૮-૦૧-૨૦૨૨)

૧.૦ સદર કેસની સુનાવણી તા. ૧૮-૦૧-૨૦૨૨ (મંગળવાર) નાં રોજ રાખવામાં આવેલ હતી.જેમાં ઉપર મુજબ બને પક્ષકારો હાજર રહેલ હતા.

**:: અરજદારની રજૂઆત ::**

૨.૦ અરજદારશ્રી રજુઆતમાં જણાવે છે કે, અમારે હાલ પીજીવીસીએલના ૩ કનેક્શન આવેલા છે અને અમો તેનું રેગ્યુલર બિલ ભરી આપીએ છીએ છતાં હાલ અમારે ત્યાં અધિકારીશ્રીઓ દ્વારા જ્યારે અમારૂ મીટર ચેક કરવામાં આવેલ ત્યારે એવું કહી આ ત્રણેય મિટરમાં પેન્ડીંગ યુનિટ રહેલ છે તેમ કહી આ ત્રણેય બિલ મોટી રકમના બિલો આપવામાં આવેલ છે જેની વિગત નીચે મુજબ છે.

| | ગ્રાહક નં. | ગ્રાહકનું નામ | રકમ |
|---|---|---|---|
| ૧. | ગ્રાહક નં. ૩૪૧૦૫૦૩૩૨૯૮ | અ.કરીમ અબ્દુલ્લાહ | ૮૯૩૭.૫૦ |
| ૨. | ગ્રાહક નં. ૩૪૧૦૫૦૩૩૩૦૧ | અ.કરીમ અબ્દુલ્લાહ | ૨૧૮૦૪.૦૦ |
| ૩. | ગ્રાહક નં. ૩૪૧૦૫૦૩૩૨૮૦ | અ. અઝીઝ મોહમ્મદ | ૫૫૪૧૭.૭૮ |

અમો દરેક બિલ સમયસર ભરી આપીએ છીએ અને આ બિલો લઈ અમે પેટા વિભાગીય કચેરીએ રજુઆત કરેલ તો એવું કહેલ કે તમારે આ મિટરમાં પેન્ડીંગ યુનિટરહેલ છે જેથી તમારે આ બિલ તો ભરવા જ પડશે. જેથી આપ સાહેબને જણાવવાનું કે આ પેન્ડીંગ યુનિટ માટે જવાબદાર કોણ? અને તેમાં અમારો શું વાંક? અમારા દ્વારા મિટર કે બિલો ભરવામાં કોઈપણ પ્રકારની ગેરરીતી કરવામાં આવતી નથી છતાં અમોને શા માટે એકીસાથે મોટી રકમના બિલો આપવામાં આવેલ છે.જ્યારે કે અમારી પરિસ્થિતી એટલી નબળી હોય કે અમો આ બિલ એકીસાથે ભરી શકીએ તેમ નથી જેથી આપ સાહેબશ્રી ને વિનંતી કે અમારા આ બિલોમાં વધુમાં વધુ રાહત આપવા નમ્ર અરજ છે. સહકારની અપેક્ષા સહ... આમ અરજદારશ્રીએ અત્રેના ફોરમ સમક્ષ ન્યાયિક રજુઆત કરેલ છે.

## :: પી.જી.વી.સી.એલ.ની રજૂઆત ::

૩.૦ સદર કેઈસ માં ૧) ગ્રા.નં. ૩૪૧૦૫૦૩૩૨૮૦ ગ્રા.નામ શ્રી એ.અઝીઝ મોહમ્મદ (૨) ગ્રા.નં ૩૪૧૦૫૦૩૩૨૯૮ ગ્રા.નામ શ્રી અ.કરીમ અબ્દુલ્લા (૩)ગ્રા.નં. ૩૪૧૦૫૦૩૩૩૦૧ ગ્રા. નામ શ્રી અ.કરીમ અબ્દુલ્લા વાળા ઘરવપરાશના વિજજોડાણનું મીટર રીડિંગ માહે જુલાઇ ઓગષ્ટ-૨૧ માં કંપનીના મીટર રીડરો દ્વારા કરવામાં આવેલ, જેમાં (૧)ગ્રા નં ૩૪૧૦૫૦૩૩૨૮૦ નું યુનિટ ૬૯૦૩ . ૫૫૪૧૫.૧૯ (૨) ગ્રા નં ૩૪૧૦૫૦૩૩૨૯૮ નું યુનિટ ૧૧૮૪ . ૮૯૩૪.૯૫ (૩) ગ્રા નં ૩૪૧૦૫૦૩૩૩૦૧ નું યુનિટ ૨૭૬૫ . ૨૧૮૦૧.૪૧ નું બનાવવામાં આવેલ.

૩.૧ સદર બાબતે ઉપરોક્ત વીજ ગ્રાહક નંબર વાળા વીજ જોડાણના વીજ બિલ બનાવવા માટે વિજ ગ્રાહકશ્રી ના ઘરે કંપનીના મીટર રીડર ગયેલ ત્યારે વીજ ગ્રાહક દ્વારા આ મીટર રીડિંગ યુનિટ પ્રમાણેના વીજ બિલ બનાવવાની ના પાડેલ અને એવરેજ મુજબ બિલ બનાવડાવેલ. ( જે અંગેનો રિપોર્ટ શ્રીમતી એમ.આર.પંડ્યા, જૂની.આસી. મી.રી. દ્વારાતા. ૨૧.૦૮.૨૦૨૧ ના રોજ અત્રેની કચેરીને આપવામાં આવેલ ) સદર વીજ ગ્રાહકશ્રીઓને ઓફિસથી મીટર રીડર દ્વારા લેવામાં આવેલ રીડિંગ પ્રમાણેના યુનિટ મુજબ વીજ બિલ મોકલવામાં આવેલજેથી વિજ ગ્રાહક શ્રી એ.અઝીઝ મોહમ્મદ ગ્રા.નં.૩૪૧૦૫૦૩૩૨૮૦ દ્વારા તા. ૧૬.૦૯.૨૦૨૧ ના રોજ અત્રેની કચેરીએ બિલ વધુ આવવા બાબતની અરજી કરવામાં આવેલ, જે મુજબ અત્રેની કચેરી દ્વારા સદર ગ્રાહકનું તા.૧૬.૦૯.૨૦૨૧ ના રોજ વીજ મીટર બદલવામાં આવેલ. જેનું લેબ પરીક્ષણ તા. ૦૪.૧૦.૨૦૨૧ ના રોજ ગ્રાહકશ્રીની હાજરીમાં કરવામાં આવેલ, તેમજ ગ્રા.નં. ૩૪૧૦૫૦૩૩૨૯૮ તથા ગ્રા.નં ૩૪૧૦૫૦૩૩૩૦૧ ના વીજ મીટર પણ તા. ૨૫.૦૯.૨૦૨૧ ના રોજ બદલવામાં આવેલ. જેનું લેબ પરીક્ષણ પણ તા૦૪.૧૦.૨૦૨૧ ના રોજ ગ્રાહકની હાજરીમાં કરવામાં આવેલ,જેમાં સદર મીટરોના MRI રિપોર્ટ પણ લેવામાં આવેલ, જેમાં મીટરનું રિઝલ્ટ OK છે. સદર વીજ ગ્રાહકોના મીટરોના MRI નો અભ્યાસ કરતાં એવું તારણ કાઢવામાં આવે છે કે સદર વીજ ગ્રાહકશ્રીઓ દ્વારા પ્રોપર મીટર રીડિંગ લેવા દેવામાં આવેલ નથી

અને પેન્ડિંગ યુનિટ રાખવામા આવેલ છે. જેથી સદર વીજ ગ્રાહકશ્રીને આપવામાં આવેલ માહે જુલાઇ –ઓગષ્ટ-૨૦૨૧ ના વીજ બિલ યુનિટ પ્રમાણે યોગ્ય અને બરાબર છે.

**:: હુકમ ::**

૪.૦ અરજદારશ્રી દ્વારા કરેલ મૌખીક તેમજ લેખીત રજૂઆત તથા સામાંવાળાની મૌખીક રજૂઆત અને રજૂ કરાયેલ દસ્તાવેજી પુરાવાઓના આધારે ફોરમ નીચે મુજબના નિર્ણય ઉપર આવેલ છે.

૪.૧ સદર બાબતે પીજીવીસીએલ કંપની દ્વારા અરજદાર શ્રી ને મીટર બદલાવેલ છે અને તેનું લેબ પરીક્ષણ પણ કરવામાં આવેલ છે અને જેમાં મીટર બરાબર જોવા મળેલ છે. .

૪.૨ અરજદાર શ્રી ની રજૂઆત મુજબ એકી સાથે પેન્ડિંગ પડેલા યુનિટ નું બિલ આપવામાં આવેલ છે. જે બિલિંગ વાઈજ સરેરાશ મુજબ ગણતરી કરી ને અરજદાર શ્રી ને ફરીથી બિલ આપવા માટે નો અત્રે ના ફોરમ દ્વારા હુકમ કરવામાં આવે છે.

૪.3 આ સાથે અરજદારની અરજી ફેસલ કરવામાં આવે છે.

| | |
|---|---|
| શ્રી એન.એસ.પંડયા | શ્રી બી.પી.બુચ |
| સ્વતંત્ર સભ્ય | ચેરપર્સન |

**નોંધઃ-**

(૧) અરજદાર સદર હુકમથી નારાજ હોય તો સદર હુકમ મળ્યાની તારીખથી દિન-30 માં વિધુત લોકપાલમાં રજૂઆત કરી શકે છે.આ સાથે વિધુત લોકપાલમાં રજૂઆત કરવાની પધ્ધતિ સામેલ છે.

(૨) ગુજરાત વિધુત નિયંત્રક આયોગ (ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ અને લોકપાલ) વિનિયમો૨૦૧૧ જાહેરનામા નં.૨/૨૦૧૧ ની કલમ ૩.૧૭ મુજબની બધી શરતો સંતોષવામાં આવેલ હશેતો જ તેવી રજૂઆત લોકપાલ સ્વીકારશે.કલમ ૩.૧૭ (૮) મુજબ ફરિયાદિએ જરૂરી હોય તો ફોરમ ના હુકમના સંદર્ભમાં પરવાનેદાર પાસેએક તૃતીયાંશ રકમ જમા કરાવી હોય અને કરેલ ચુકવણીની સાબિતી રજૂ કરી હોય,તો જ તેવી રજૂઆત લોકપાલ સ્વીકારશે.

(૩) લોકપાલ નું સરનામું : વિધુત લોકપાલની કચેરીબ્લોક નં. ૩, પોલિટેકનિક કમ્પાઉન્ડ, આંબાવાડી, અમદાવાદ-૩૮૦૦૧૫.ફોન નં. (૦૭૯) ૨૬૩૦૨૬૮૯